


**L**et us adore in silence and listen to the Divine in a deep concentration.

With my blessings

15 October 1954 - The Mother

**મૌ**નમાં આપણે આરાધીએ અને એક ઊંડી એકાગ્રતામાં પ્રભુને સાંભળીએ.

મારા આશીર્વાદ સાથે

૧૫ ઑક્ટોબર ૧૯૫૪ - શ્રી માતાજી

**From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● June 2021
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
JUNE
૧ જૂન, ૨૦૨૧

## – Cast Headlong into the Unknown –
## = અજ્ઞાતમાં કૂદી પડવાનું =

***THERE is a sovereign royalty** in taking no thought for oneself. To have needs is to assert a weakness; to claim something proves that we lack what we claim. To desire is to be impotent; it is to recognise our limitations and confess our incapacity to overcome them.

If only from the point of view of a legitimate pride, man should be noble enough to renounce desire. How humiliating to ask something for oneself from life or from the Supreme Consciousness which animates it! How humiliating for us, how ignorant an offence against Her! For all is within our reach, only the egoistic limits of our being prevent us from enjoying the whole universe as completely and concretely as we possess our own body and its immediate surroundings.*

Such too should be our attitude towards the means of action.

O Thou who dwellest in my heart and directest all by Thy supreme Will, Thou hast told me a year ago to burn all my bridges and cast myself headlong into the Unknown, as did Caesar when he crossed the Rubicon: it meant the Capitol for him or the Tarpeian Rock.

Thou didst hide then from my eyes the result of the action. Now still Thou keepest it secret; and yet Thou knowest that my equanimity remains the same before greatness as before misery.

Thou hast willed that for me the future should be uncertain and that I should go forward with confidence without even knowing where the road would lead.

Thou hast willed that I should put the care of my destiny utterly in Thy hands, and abdicate altogether all personal preoccupation.

This means undoubtedly that my road must be virgin even to my own thought.

Prayers and Meditations - The Mother
March 30, 1917

***પોતાને વિષે કશો જ વિચાર ન કરવો** એમાં તો એક પરમ રાજત્વ રહેલું છે. જરૂરિયાતો હોવી એ તો એક દુર્બળતાને આગળ ધરવા જેવું છે; કોઈ વસ્તુ માટે હક કરવો એ તો એમ સાબિત કરે છે કે આપણે જેને માટે હક કરીએ છીએ તેની આપણામાં ઊણપ છે. ઇચ્છા કરવી એટલે કે નિઃસત્વ બની રહેવું; એમાં તો આપણી મર્યાદાઓનો સ્વીકાર કરીએ છીએ અને તેમને જીતવા માટેની આપણી અશક્તિની કબૂલાત કરીએ છીએ.

માત્ર એક સાચા એવા ગર્વની દ્રષ્ટિથી જોતાં પણ માણસે ઇચ્છાનો ત્યાગ કરી દેવા જેટલી અમીરાઈ મેળવવી જોઈએ. જીવન પાસેથી અથવા તો તેને સચેતન કરતી પરમ ચેતના પાસેથી પોતાને માટે કશી વસ્તુ માગવી એ કેવું તો હીણપતભરેલું છે ! આપણે માટે એ કેવું તો હીણપતભરેલું છે, એ પરમ ચેતના સામે એ કેવો તો અજ્ઞાનભરેલો અપરાધ છે ! કેમ કે આપણને સર્વ કાંઈ મળી શકે તેમ છે, એ તો આપણા સ્વરૂપની અહંકારમાંથી જન્મતી જે મર્યાદાઓ છે એ જ વસ્તુ આપણને, જેવી રીતે આપણે આપણું પોતાનું શરીર અને તેની નિકટની પરિસ્થિતિઓને ધારણ કરતા હોઈએ છીએ તેના જેટલી સંપૂર્ણ રીતે અને સઘન રીતે આખાયે વિશ્વનો આનંદ માણતાં અટકાવે છે.*

કાર્ય કરવાની રીતિ તરફ આપણું વલણ આવું રહેવું જોઈએ.

ઓ તું કે જે મારા હ્રદયમાં વસી રહ્યો છે અને તારી પરમ સંકલ્પશક્તિથી બધું સંચાલન કરી રહ્યો છે, તેં એક વર્ષ પહેલાં મને બધા જ પૂલ તોડી નાખી અજ્ઞાતમાં કૂદી પડવાનું કહ્યું હતું, જેમ સીઝરે રયુબિકૉન નદીને પાર કરવા માટે કર્યું હતુંઃ એના નસીબમાં હતું 'કૅપિટોલ' અથવા 'ટાર્પિયન રૉક'.[૧]

તેં એ વખતે મારી આંખો સામે એ કાર્યનું પરિણામ સંતાડી રાખ્યું હતું. હજી પણ તું એ ગુપ્ત રાખી રહ્યો છે; અને છતાં તું જાણે છે કે મહાનતાની સામે વા દરિદ્રતાની સામે મારી સમતા એકસરખી રહે છે.

તેં ઇચ્છયું છે કે મારે માટે ભવિષ્ય અનિશ્ચિત રહે અને કે રસ્તો ક્યાં લઇ જાય છે એ જાણ્યા સિવાય પણ મારે આત્મવિશ્વાસ રાખી આગળ ચાલતા રહેવું.

તેં ઇચ્છયું છે કે મારા નસીબની ચિંતા મારે તારા હાથમાં એકદમ નિશ્ચિંત બની સોંપી દેવી, અને મારા પોતા વિષેના બધા જ વિચારોને છોડી દેવા.

એનો અર્થ નિ:શંક એ થાય કે મારો માર્ગ મારા મન માટે પણ એકદમ અજ્ઞાત હોવો જોઈએ.

પ્રાર્થનાઓ અને ધ્યાન - શ્રી માતાજી
૩૦ માર્ચ ૧૯૧૭

---

[૧] ઇટાલીમાં આવેલા સાત પર્વતોમાંના સૌથી ઊંચા, દક્ષિણ શિખર 'કૅપિટોલ' ઉપર જ્યુપિટર દેવનું મોટું મંદિર અને રોમન સેનેટનું સભાગૃહ છે. ઉત્તર દિશાના શિખરની દક્ષિણ બાજુના સીધા ઢોળાવ ઉપરના 'ટાર્પિયન રૉક' - ખડક ઉપરથી ગુનેગારોને નીચે ધકેલી દેવામાં આવતા, મૃત્યુના મોમાં.

- અનુવાદક